

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 152
Dt.: 12-02-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


## આપને આ અંગે વિશ્વાસ નહિ આવે ?
## હા, આ અસંભવ લાગે છે - પરંતુ સાચુ છે.

# રૂ.10લાખ
# સુધી
# ની મફત સારવાર

**પંજાબના દરેક પરિવાર માટે, સૌથી સર્વશ્રેષ્ઠ ખાનગી હોસ્પિટલોમાં**

— મુખ્યમંત્રી આરોગ્ય યોજના —

**ઈતિહાસમાં પ્રથમ વાર, ફક્ત ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં**

### કેશલેસ સારવાર
દરેક પરિવારને દર વર્ષે રૂા. 10 લાખ સુધી કેશલેસ સારવાર, સર્વશ્રેષ્ઠ ખાનગી હોસ્પિટલોમાં

### 900+ યાદીબદ્ધ હોસ્પિટલ
પંજાબ અને ચંડીગઢના 900 થી વધુ સરકારી અને ખાનગી યાદીબદ્ધ હોસ્પિટલોમાં સારવારની સુવિધા

### 2,356 ઉપચાર પેકેજ
પેકેજીસમાં મુખ્ય સર્જરી, કેન્સર ઉપચાર, હૃદયરોગ પ્રક્રિયાઓ, ડાયાલિસિસ વગેરે સામેલ

"અમે દરેક નાગરિક માટે એક સ્વાસ્થ્ય સુરક્ષા ચક્ર બનાવ્યું છે. હવે પંજાબનો દરેક પરિવાર, ભલે તે કેટલો પણ જરૂરિયાતમંદ કેમ ન હોય, શ્રેષ્ઠ સારવાર સુધી પહોચ રાખે છે. નાણાની અછતના કારણે હવે કોઈને પણ સારવારથી વંચિત રાખવામાં આવશે નહિ."

**ભગવંતસિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ



માહિતી અને લોક સંપર્ક વિભાગ, પંજાબ

## તંત્રી લેખ......

# ૮મા પગારપંચ અંગે સરકારે સંસદમાં નવી માહિતી શેર કરી

૮મા પગારપંચ અંગે સરકારે સંસદમાં નવી માહિતી શેર કરી છે. જેમાં સરકારે સ્પષ્ટતા કરી છે કે, ૮મા કેન્દ્રીય પગારપંચની ઔપચારિક રચના થઈ ગઈ છે અને નિર્ધારિત સમયમર્યાદામાં તેની ભલામણો રજૂ કરશે. રાજ્યસભામાં પૂછાયેલા પ્રશ્નોના લેખિત જવાબમાં નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, પગારપંચની રચના માટેનું જાહેરનામું ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જારી કરવામાં આવ્યું હતું. સાંસદો સરકાર પાસેથી જાણવા માંગતા હતા કે, કમિશન કયા મુદ્દાઓની સમીક્ષા કરશે અને તેની ભલામણોને લાગુ કરવા માટે સંભવિત સમયમર્યાદા શું હશે.

સરકાર મુજબ, ૮મા પગારપંચમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોના પગાર ધોરણ, ભથ્થુ, પેન્શન માળખું અને સેવા શરતોની સમીક્ષા કરાશે. નાણાં રાજ્યમંત્રી પંજક ચૌધરીએ જણાવ્યું હતું કે, કમિશનને તેનો રિપોર્ટ રજૂ કરવા માટે ૧૮ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. વર્તમાન સમયરેખાને જોતાં રિપોર્ટ ૨૦૨૭ સુધીમાં આવવાની સંભાવના છે. જોકે, સરકારે હજુ સુધી ભલામણોના અમલીકરણ માટેનો રોડમેપ જાહેર કર્યો નથી કે તબક્કાવાર યોજના વિકસાવવામાં આવી છે કે નહીં. સંસદમાં એ સવાલ પણ ઉઠ્યો હતો કે, ૮મા પગારપંચની ભલામણ લાગુ થવાથી કેન્દ્ર સરકારના બજેટ પર કેટલું બોજ પડશે. આ મામલે સરકારે કહ્યું કે, હાલના ધોરણે કિંમતનું આકલન કરવું શક્ય નથી. કમિશનની ભલામણ અને સરકાર દ્વારા તેનો સ્વીકાર કર્યા બાદ તેમાં વાસ્તવિક નાણાકીય પ્રભાવનો અંદાજ લગાવી શકાશે. એનો મતલબ છે કે, બજેટની યોજના કમિશનના અંતિમ રિપોર્ટ બાદ તૈયાર કરાશે. આ દરમિયાન, કર્મચારી સંગઠનોએ સરકાર પર દબાણ વધારવાનું શરૂ કર્યું છે. કોન્ફેડરેશન ઓંફ સેન્ટ્રલ ગવર્નમેન્ટ એમ્પ્લોઈઝ એન્ડ વર્કર્સ(CCGEW)એ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દેશવ્યાપી એક દિવસીય હડતાળની જાહેરાત કરી છે. તેમની માંગણીઓમાં ૨૦% વચગાળાની રાહત, મોંઘવારી ભથ્થાનું ૫૦% મૂળ પગાર સાથે મર્જર, અને NPS નાબૂદ અને જૂની પેન્શન યોજના(OPS)ના અમલીકરણનો સમાવેશ થાય છે. સંસદમાં પ્રશ્નો અને રસ્તાઓ પર વધતા દબાણ વચ્ચે બધાની નજર ૮મા પગારપંચના અમલીકરણ પર રહેશે.

### સુરતમાં રખડતા કૂતરાનો આતંક

# ગેટ પાસે રમતી ૨ વર્ષની બાળકી પર ૩ કૂતરાઓએ હુમલો કર્યો

## હાઈકોર્ટની ફટકાર હોવા છતાં પાલિકાની ડોગ બર્થ કંટ્રોલ (DBC) પોલિસી માત્ર કાગળ પર હોય તેવું જણાઈ રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

ડાયમંડ સિટી સુરતમાં રખડતા કુતરાનો આતંક અટકવાનું નામ નથી લઈ રહ્યો. સુરત શહેરના ઉન વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં ઘરના ગેટ પાસે રમી રહેલી માત્ર ૨ વર્ષની માસૂમ બાળકી પર ત્રણ રખડતા કૂતરાઓએ હિંસક હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ છે, જે જોઈને કોઈપણનું કાળજું કંપી ઉઠે તેમ છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, સુરત શહેરમાં ઉન સોસાયટીમાં રહેતી બે વર્ષની બાળકી પોતાના ઘરના ગેટ પાસે રમી રહી હતી. રમતા-રમતા બાળકી ગેટની થોડી બહાર નીકળી કે તરત જ ત્યાં હાજર ત્રણ જેટલા રખડતા કૂતરાઓ તેના તરફ ધસી આવ્યા હતા. બાળકી કંઈ સમજે તે પહેલા જ એક કૂતરાએ તેને નીચે પાડી દીધી હતી અને તેના સાથળના ભાગે ગંભીર રીતે કરડી લીધું હતું. બાળકીની ચીસાચીસ સાંભળી પરિવારજનો દોડી આવતા કૂતરાઓ ભાગ્યા હતા.

હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી બાળકીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતા સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, સુરત મહાનગરપાલિકાનું તંત્ર રખડતા કુતરાને પકડવામાં નિષ્ફળ કેમ જઈ રહ્યું છે?

સુરતમાં અગાઉ પણ રખડતા કૂતરાઓએ અનેક બાળકો અને વૃદ્ધોને નિશાન બનાવ્યા છે. હાઈકોર્ટની ફટકાર હોવા છતાં પાલિકાની ડોગ બર્થ કંટ્રોલ (DBC) પોલિસી માત્ર કાગળ પર હોય તેવું જણાઈ રહ્યું છે. ઉન વિસ્તારની આ ઘટના બાદ હવે રહીશો રખડતા કૂતરાઓના કાયમી નિકાલની માગ કરી રહ્યા છે.

### અત્યાર સુધી કુલ ત્રણ આરોપી ઝડપાયા

# રાજકોટની કરોડોની ચાંદી ચોરીમાં અમદાવાદના વકીલની સંડોવણી?

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ,

શહેરમાં ત્રણ અને ચાર તારીખે થયેલી ૧૩૦થી ૧૪૦ કિલો ચાંદીની ચોરીમાં એક બાદ એક આરોપીઓની ધરપકડ થઈ રહી છે. રાજકોટ તેમજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચાંદી ચોરીમાં સંડોવાયેલા કુલ ત્રણ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે દિવસ પહેલા પકડેલા પ્રદીપ પ્રજાપતિ બાદ હવે મંગુસિંગ નામના આરોપીની ધરપકડ કરી છે. તેની પાસેથી પણ ૪૦ કિલો ચાંદી તેમજ ચાંદી ઓગાળવાની ભઠ્ઠી મળી આવી છે. જ્યારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે રાજુ ભોજક નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણેય આરોપીઓ સીધી ચોરીમાં સંડોવાયેલા નથી પરંતુ મુદ્દામાલને સગેવગે કરવામાં મદદ કરનાર છે. આ સાથે અમદાવાદના વકીલ વિક્રમ રાજપૂત અંગેની તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, પીઆઇ, એસ.જે.જાડેજાએ આ અંગેની અત્યાર સુધીની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, "રાજકોટમાં થોડા દિવસ અગાઉ શક્તિ સિલ્વર નામની પેઢીમાંથી ૧૩૦-૧૪૦ કિલોથી વધુ ચાંદીના દાગીનાની ચોરીનો બનાવ સામે આવ્યો હતો. જેને લઈને અમદાવાદ સહિત રાજ્યભરની પોલીસ સક્રિય થઈ હતી. જેમાં બે દિવસ પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પ્રદીપ પ્રજાપતિ નામના આરોપીની ધરપકડ કરી હતી, જેની પાસેથી ૪૦ કિલો ચાંદીનો જથ્થો પણ મળી આવ્યો હતો. પ્રદીપ પ્રજાપતિ ચાંદી ચોરીના મુખ્ય આરોપી મુકેશ પ્રજાપતિનો મામાનો દીકરો હતો અને તેણે ચોરીનો મુદ્દામાલ મુકેશ પ્રજાપતિના કહેવાથી સાચવી રાખ્યો હતો." આ સાથે તેમણે જણાવ્યું છે કે, પ્રદીપ પ્રજાપતિની પૂછપરછમાં સામે આવ્યું કે ચાંદી ચોરીની ઘટના બાદ મુખ્ય આરોપી મુકેશ પ્રજાપતિ દ્વારા ૮૦ કિલો જેટલો ચાંદીનો જથ્થો પ્રકાશ પ્રજાપતિને સાચવવા આપ્યો હતો. જેમાંથી પ્રકાશ પ્રજાપતિએ ૪૦ કિલો ચાંદી બુલિયનના વેપારી રાઠોડ બુલિયન નામની પેઢી ધરાવનાર માંગુસિંગ રાઠોડને સોંપ્યો હતો. જેથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માંગુસિંગ રાઠોડના ઘરે સર્ચ કર્યું હતું. જ્યાંથી પોલીસને ૪૦ કિલો ચાંદીનો મુદ્દામાલ તેમજ ચાંદીના ઘરેણા ગાળવા માટે ઉપયોગમાં લીધેલા સાધનો અને ભઠ્ઠી મળી આવ્યા છે. જોકે પ્રદીપની ધરપકડ કરતા આ આરોપી મંગુસિંગ પોતાનો મોબાઈલ બંધ કરીને ફરાર થઈ ગયો હતો. જોકે, તેની પણ પોલીસે ધરપકડ કરી લીધી છે.

આરોપી પ્રદીપ પ્રજાપતિ એડવોકેટ વિક્રમસિંહ દેવુસિંહ રાજપુત થકી માંગુસિંગના સંપર્કમાં આવ્યો હતો. ચાંદી ચોરીનો મુખ્ય આરોપી મુકેશ પ્રજાપતિના કહેવાથી આરોપી પ્રદીપ પ્રજાપતિએ માંગુસિંગને ૪૦ કિલો ચાંદીનો જથ્થો ઓગાળવા માટે આપ્યો હતો, જેમાંથી માંગુસિંગે ૧૦ કિલો ચાંદીનો જથ્થો ઓગાળી પરત આપ્યો હતો. મુખ્ય આરોપી મુકેશ પ્રજાપતિ એડવોકેટ વિક્રમસિંહ થકી માંગુસિંગના સંપર્કમાં આવ્યો હતો. ચોરી થયેલો ચાંદીનો જથ્થો માંગુસિંગને ઓગાળી આપ્યા બાદ તેને આ ચાંદી વેચીને જે કિંમત આવે તેના ૧૦% રકમ આપવાનું નક્કી થયું હતું. આરોપી માંગુસિંગ અને એડવોકેટ વિક્રમસિંહ છેલ્લા સાત વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા અને તેના થકી જ મુકેશ તેમજ પ્રદીપ પ્રજાપતિને માંગુસિંગનો સંપર્ક થયો હતો.

બીજી તરફ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે પણ ચાંદી ચોરીના કેસમાં વપરાયેલી ક્રેટા કારના માલિક બુટલેગર રાજુ ભોજકની ધરપકડ કરી. તેની પાસેથી ૩૧ કિલોથી વધુ ચાંદી કબજે કરી છે. સાથે જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચોરીનો મુદ્દામાલ સગેવગે કરનાર બે આરોપીની પણ ધરપકડ કરી લેવાઈ છે.

### પરિવારના મોભીઓએ જીવનલીલા સંકેલી

# સિહોરના સોનગઢમાં દંપતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## આધેડ દંપતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે

## સોનગઢ પોલીસે મૃતદેહોને PM માટે ખસેડી તપાસ શરૂ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર,

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સોનગઢ ગામેથી એક અત્યંત કરૂણ અને હચમચાવી દેતી ઘટના સામે આવી છે. સોનગઢમાં રહેતા એક આધેડ દંપતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. એક જ ઘરમાં પતિ-પત્નીના મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, સોનગઢમાં રહેતા ૫૫ વર્ષીય ગુણવંતભાઈ મોહનભાઈ ડાભી અને તેમના પત્ની ૫૩ વર્ષીય ગીતાબેન ગુણવંતભાઈ ડાભીએ પોતાના નિવાસસ્થાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

ઘટનાની જાણ આસપાસના લોકોને થતા તુરંત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. દંપતીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી.

ઘટનાની જાણ થતા જ સોનગઢ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોનો કબ્જો સંભાળી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બંનેના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે સિહોરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સોનગઢ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આર્થિક સંકડામણ, બીમારી કે અન્ય કોઈ કૌટુંબિક કારણ આ આપઘાત પાછળ જવાબદાર છે કે કેમ, તે દિશામાં પોલીસ પરિવારજનોની પૂછપરછ કરી રહી છે.

# પતિએ પાવડાના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી

(સંપૂર્ણ સમાચાર સેવા)દેવભૂમિદ્વારકા,

ભાણવડના ગ્રામ્ય પંથકમાં પાવડાના ઘા ઝીંકી પતિ દ્વારા પત્નીની હત્યા કરાઈ હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ખેતરમાં પાણી વાળવા બાબતે ઝઘડો થતા પતિએ ઉશ્કેરાઈને પત્નીને માથાના ભાગે પાવડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હોવાની માહિતી મળી રહી છે, ત્યારે સમગ્ર મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘટનાની મળતી માહિતી મુજબ, દેવભૂમિદ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના સણખલા ગામેથી આ ઘટના સામે આવી છે, જ્યાં ખેતરમાં પાણી વાળવા જેવી સામાન્ય વાતમાં દંપતિ વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો, જેમાં પતિ નંદરામ ગરવાલ આવેશમાં આવીને હેવાન બન્યો હતો અને પત્ની રેખાબેનના માથાના ભાગે લોખંડના પાવડાના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા.

આટલું જ નહીં, આ પતિ નંદરામ ગરવાલે તો હેવાનિયતની હદ તો ત્યારે વટાવી જ્યારે ઘટના બાદ ગંભીર રીતે ઘાયલ રેખાબેનને જમીન પર ઢળી પડી હોવા છતાં તેના છાતી અને આંખના ભાગે આડેધડ મુક્કા માર્યા હતા.

# દિયોદરમાં ભુવા સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા,

બનાસકાંઠાના દિયોદરમાં ભુવા સામે દુષ્કર્મની ફરિયાદ કરવામાં આવી છે. ભુવા સહિત ત્રણ શખ્સો સામે એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી મહિલા પર અલગ અલગ જગ્યાએ દુષ્કર્મ ગુજાર્યુ હોવાની ફરિયાદ થતાં પોલીસે ભુવા સહિત ત્રણ આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાના દિયોદરમાં એક મહિલાએ ભુવા સહિત ત્રણ શખ્સો સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી મહિલાને તેનો પતિ નહીં ગમતો હોવાથી તેણે ભુવાનો સંપર્ક કર્યો હતો. આ ભુવાએ મહિલાને છૂટાછેડા અપાવવાની લાલચ આપી હતી. ત્યાર બાદ તેને અલગ અલગ સ્થળો પર લઈ જઈને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ત્રણેય આરોપીઓ યુવતીના સગા સંબંધી હોવાનું પણ જાણવા મળ્યું છે. દિયોદર પોલીસે સમગ્ર મામલે પરીણિતાની ફરિયાદના આધારે તપાસ કરી ભુવા સહિત ત્રણ આરોપીઓની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે ખાસ આયોજન

# સુરત જિલ્લામાં ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી બોર્ડ પરીક્ષા માટે ૧,૬૧,૦૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

આગામી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી સમગ્ર ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ વર્ષે પણ સુરત જિલ્લો રાજ્યમાં સૌથી વધુ પરીક્ષાર્થીઓ નોંધાવનારો જિલ્લો બન્યો છે. સુરત જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) ભગીરથસિંહ પરમારના જણાવ્યા અનુસાર, પરીક્ષાના સુચારૂ સંચાલન માટે તમામ વહીવટી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

સુરત જિલ્લામાં આ વર્ષે કુલ ૧,૬૧,૦૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે, જેના માટે ૫૬૫૩ બ્લોક્સ તૈયાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની સંખ્યાની વાત કરવામાં આવે, તો ધોરણ ૧૦માં ૯૨,૨૨૮ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ)માં ૫૧,૬૦૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ૧૭,૧૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે તૈયાર છે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો અને વર્ગખંડોને CCTV કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની વિશેષ નિમણૂક કરવામાં આવી છે, જેઓ પરીક્ષા સમયે કેન્દ્ર પર હાજર રહી પારદર્શિતા જાળવશે. સુરત જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ગત ૨ ફેબ્રુઆરીના રોજ મળેલી સમિતિની બેઠકમાં તમામ વિભાગોને સંકલન કરવા સૂચના આ છે. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલી ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ કરવામાં આવશે. સુરત DEOએ ખાતરી આપી છે કે, વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની અગવડતા ન પડે તેનું પૂરતું ધ્યાન રાખવામાં આવશે.

સુરતના જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી બોર્ડની પરીક્ષાની શરૂઆત થવા જઈ રહી છે. આ માટે સુરત જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે. સુરત કલેક્ટર આ સમિતિના અધ્યક્ષ છે.




# ભરૂચના અંકલેશ્વરમાં લેગેસી વેસ્ટ કૌભાંડ સામે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ,

ભરૂચના અંકલેશ્વરમાં લેગેસી વેસ્ટ કૌભાંડ સામે આવ્યું છે. વૈજ્ઞાનિક ઢબે ત્રણ સ્ટેજમાં નિકાલ કરવાની જગ્યાએ સેંકડો ટન વેસ્ટ ખાડીમાં ધરબી દેવાયો છે. નગરપાલિકાના પ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે દરોડા પાડીને સમગ્ર કૌભાંડ ઝડપી પાડ્યું હતું. જે કોન્ટ્રાક્ટરને પ્રદૂષણ દૂર કરવા માટેના પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. તેણે જ જમીન અને પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કર્યો હતો.અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે દરોડા પાડીને આ કૌભાંડ ઝડપી લીધું હતું. પાલિકા પ્રમુખ ભાવેશ કાયસ્થે જણાવ્યું હતું કે, જે કોન્ટ્રાક્ટરને પ્રદૂષણ દૂર કરવા માટે પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેણે જ જમીન અને પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કર્યા હતાં. શંકા ના જાય તે માટે વેસ્ટ સેગ્રીગેશન સાઈટ સુકાવલીને અડીને રસ્તો કાઢી અવાવરૂ ખાડીમાં વેસ્ટ ધરબી દેવાયો હતો. અંકલેશ્વર પાલિકાએ આ કૌભાંડ કરનારા કૌન્ટ્રાક્ટરનું ૯૫ લાખ રૂપિયાનું પેમેન્ટ અટકાવી દીધું હતું. કોન્ટ્રાક્ટરે લેખિત પત્ર સાથે કબૂલાત કરી કચરો હટાવવાની બાંહેધી આપી બચવાનો પ્રયાસ કર્યો હતો.




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# રાજુ કરપડાના રાજીનામા મુદ્દે AAP ધારાસભ્ય ચૈતર વસાવાનું નિવેદન

અમદાવાદ,

રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યું, એ મુદ્દે આમ આદમી પાર્ટીના ડેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે મને માહિતી મળી છે કે રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપી દીધું છે. મેં રાજુભાઈ સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હજુ સુધી સંપર્ક થઈ શક્યો નથી. ચૈતર વસાવાએ કહ્યું કે તેઓ રાજુભાઈને જેટલા ઓળખે છે, તે મુજબ રાજુ કરપડા ખેડૂતોના મજબૂત અને સંઘર્ષશીલ નેતા રહ્યા છે. આમ આદમી પાર્ટીમાં રહીને તેમણે ખેડૂતોના હક્ક અને ન્યાય માટે અનેક લડતો લડી છે. બોટાદ કડદા પ્રથા નાબૂદ કરવા માટે હડદડમાં કરવામાં આવેલા આંદોલન દરમિયાન તેમને ૧૦૦ દિવસથી વધુ સમય જેલમાં રહેવું પડ્યું હતું.

છઈ ધારાસભ્ય ચૈતર વસાવાએ આક્ષેપ કર્યો કે ભાજપ સરકારની કાર્યપદ્ધતિ વિપક્ષના નેતાઓને ડરાવવાની, ધમકાવવાની અને દબાણ દ્વારા તેમને પોતાના પક્ષે વાળવાની રહી છે. આંદોલનોને કમજોર બનાવવા અને તોડવાના પ્રયાસો સતત કરવામાં આવે છે. રાજુભાઈ કરપડાના મામલે પણ આવી જ નીતિ અપનાવવામાં આવી હોવાની શક્યતા તેમણે વ્યક્ત કરી છે,

જેના કારણે રાજુભાઈએ રાજીનામું આપ્યું હોઈ શકે છે. ચૈતર વસાવાએ સ્પષ્ટ કર્યું કે આમ આદમી પાર્ટી ગુજરાતભરમાં ખેડૂતો અને સામાન્ય જનતાના હક્ક માટે લડત લડી રહી છે અને આવનારા દિવસોમાં પણ આ લડત વધુ દ્રઢતા સાથે ચાલુ રાખશે. ગુજરાતની જનતા માટે ન્યાય મેળવવો એ અમારું પ્રથમ કર્તવ્ય છે. અમે હરહંમેશ કાર્યકર તરીકે જનહિતમાટે લડતા રહીશું.

## સોનામાં ૨૫,૦૦૦ રુપિયાનો ઘટાડો

# ચાંદી રેકોર્ડ લેવલથી રૂપિયા ૧.૬૦ લાખ સસ્તી થઈ

### યુએસના નબળા આર્થિક ડેટાને કારણે, રોકાણકારોનો વિશ્વાસ ફરી સોના-ચાંદી જેવા સુરક્ષિત રોકાણો તરફ વળ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

૨૯ જાન્યુઆરીએ, સોનાનો ભાવ રૂ.૧,૮૩,૦૦૦ અને ચાંદીનો ભાવ રૂ.૪,૨૦,૦૦૦ ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો હતો. આજના દરો અનુસાર, MCX પર ચાંદી તેના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ઘટીને લગભગ રૂ.૧.૬૦ લાખ થઈ ગઈ છે, જ્યારે સોનું પણ લગભગ રૂ.૨૫,૦૦૦ ઘટીને રૂ.૧.૫૯ લાખ થઈ ગયું છે. સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે.

બજાર નિષ્ણાતો કહે છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરના નબળા પડવા અને યુએસના નબળા આર્થિક ડેટાને કારણે, રોકાણકારોનો વિશ્વાસ ફરી એકવાર સોના અને ચાંદી જેવા સુરક્ષિત રોકાણો તરફ વળ્યો છે. તેથી, દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે શું ભાવ વધુ વધશે કે પછી પ્રોફિટ-બુકિંગનો બીજો રાઉન્ડ આવશે.

નોંધનીય છે કે ૨૯ જાન્યુઆરીએ સોનાનો ભાવ રૂ.૧,૮૩,૦૦૦ અને ચાંદીનો ભાવ રૂ.૪,૨૦,૦૦૦ ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આજના દરે, MCX પર ચાંદીનો ભાવ તેના રેકોર્ડ ઊંચા ભાવથી આશરે રૂ.૧.૬૦ લાખ ઘટી ગયો છે, જ્યારે સોનું પણ આશરે રૂ.૨૫,૦૦૦ ઘટીને રૂ.૧.૫૯ લાખ થયું છે.

દેશના મુખ્ય શહેરોમાં ૧૦ ગ્રામ સોનાના ભાવમાં થોડો તફાવત છે. ચેન્નાઈમાં સૌથી વધુ ભાવ છે, જ્યાં ૨૪ કેરેટ સોનું રૂ.૧,૫૯,૨૮૦ પ્રતિ ૧૦ ગ્રામ ઉપલબ્ધ છે. દિલ્હીમાં, ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ.૧,૫૮,૬૬૦ છે, જે મુંબઈ કરતા થોડો વધારે છે.

એક્સપર્ટ કહે છે કે ચાંદીમાં લાંબા ગાળાની સંભાવનાઓ છે. પરંતુ ટૂંકા ગાળાની અસ્થિરતા ચાલુ રહી શકે છે. તેથી રોકાણકારોએ એક જ સમયે મોટી રકમનું રોકાણ કરવાનું ટાળવું જોઈએ. ઘટાડા પર ધીમે ધીમે ખરીદી કરવી એ એક સલામત વ્યૂહરચના માનવામાં આવે છે.

રોઈટર્સના મતે, આંતરરાષ્ટ્રીય ભાવને જોતાં ચાંદીનો હાજર ભાવ ૨.૨ ટકા વધીને $82.43 પ્રતિ ઔંસ થયો છે. યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડમાં ઘટાડાથી સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓના ભાવમાં વધારો થયો છે. એક દિવસ પહેલા, વૈશ્વિક બજારમાં ચાંદીમાં ૩ ટકાથી વધુનો ઘટાડો થયો હતો.

<u>દિલ્હીમાં સોનાનો ભાવ (પ્રતિ ૧૦ ગ્રામ)</u>

૨૪ કેરેટ - રૂ.૧,૫૮,૬૬૦

૨૨ કેરેટ - રૂ.૧,૪૫,૪૫૦

૧૮કેરેટ - રૂ.૧,૧૯,૦૪૦

<u>મુંબઈમાં સોનાનો ભાવ (પ્રતિ ૧૦ ગ્રામ)</u>

૨૪ કેરેટ - રૂ.૧,૫૭,૫૧૦

૨૨ કેરેટ - રૂ.૧,૪૫,૩૦૦

૧૮ કેરેટ - રૂ.૧,૧૮,૮૯૦

## ડોનાલ્ડ ટ્રમ્પનો નવો દાવો

# ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ૧૦ વિમાનો તોડી પાડ્યા

### અમેરિકાના રાષ્ટ્રપતિએ ફરી દાવો કર્યો છે કે તેમણે ટેરિફની ધમકીનો ઉપયોગ કરીને સંભવિત પરમાણુ યુદ્ધ ટાળ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે તેમણે ગયા મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે બંને દેશો પરમાણુ યુદ્ધ તરફ આગળ વધી રહ્યા હતા. ફોક્સ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં, અમેરિકાના રાષ્ટ્રપતિએ ફરી એકવાર દાવો કર્યો છે કે તેમણે ટેરિફની ધમકીનો ઉપયોગ કરીને સંભવિત પરમાણુ યુદ્ધ ટાળ્યું હતું.

તેમણે એક નવો દાવો કર્યો છે કે બંને દેશો વચ્ચેના યુદ્ધમાં ૧૦ વિમાનોને તોડી પાડવામાં આવ્યા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિએ દાવો કર્યો છે કે તેમણે તેમના બીજા કાર્યકાળ દરમિયાન આઠ યુદ્ધો રોક્યા હતા, જેમાંથી ઓછામાં ઓછા ૬ ટેરિફના વ્યૂહાત્મક ઉપયોગ દ્વારા ઉકેલાયા હતા. ટ્રમ્પે વારંવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધો અટકાવવાનો શ્રેય પોતાને આપ્યો છે. જોકે, ભારતે યુદ્ધ રોકવામાં કોઈપણ ત્રીજા પક્ષની ભૂમિકાનો ઇનકાર કર્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, મેં આઠ યુદ્ધો ઉકેલ્યા છે. તેમાંથી ઓછામાં ઓછા ૬ ટેરિફને કારણે ઉકેલાયા હતા. બીજા શબ્દોમાં કહીએ તો, મેં કહ્યું કે, જો તમે આ યુદ્ધનો ઉકેલ નહીં લાવો, તો હું તમારા પર ટેરિફ લગાવીશ કારણ કે હું નથી ઇચ્છતો કે લોકો મરે.

ટ્રમ્પે મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા લશ્કરી મુકાબલાનો ઉલ્લેખ કર્યો અને દાવો કર્યો કે બંને પડોશીઓ એક મોટા સંઘર્ષની આરે હતા જે પરમાણુ યુદ્ધમાં પરિણમી શકે છે.

ટ્રમ્પે કહ્યું કે, મારા મતે, તે પરમાણુ યુદ્ધ હોત. તેઓ ખરેખર તેના માટે તૈયાર હતા. દસ વિમાનોને તોડી પાડવામાં આવ્યા હતા. પાકિસ્તાનના વડા પ્રધાને મને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઓછામાં ઓછા ૧ કરોડ લોકોના જીવ બચાવ્યા હતા.

ટ્રમ્પે કહ્યું કે ટેરિફ વિના આ શક્ય ન હોત. આ પહેલી વાર છે જ્યારે ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં તોડી પાડવામાં આવેલા વિમાનોની સંખ્યા વધારીને ૧૦ કરી છે. ટ્રમ્પે શરૂઆતમાં કહ્યું હતું કે પાંચ વિમાનોને તોડી પાડવામાં આવ્યા હતા, પરંતુ પછીથી તેને વધારીને સાત અને પછી આઠ કરી દીધી. તેમણે ક્યારેય આ વાતને સમર્થન આપવા માટે કોઈ તથ્યો કે પુરાવા આપ્યા નથી.

ભારત અને પાકિસ્તાન ઉપરાંત, ટ્રમ્પે અન્ય સંઘર્ષોનો પણ ઉલ્લેખ કર્યો.

તેમણે વેપારનો ઉપયોગ કરીને આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે દાયકાઓથી ચાલી રહેલા તણાવને ઉકેલવાનો દાવો કર્યો. તેમણે કહ્યું કે, આ દેશો અમારી સાથે વેપાર કરે છે. અઝરબૈજાન - તેઓ લગભગ ૩૨ વર્ષથી લડી રહ્યા હતા. મેં એક દિવસમાં તેનો ઉકેલ લાવી દીધો. મેં કહ્યું કે, તમે અમારી સાથે ઘણો વ્યવસાય કરો છો. અમે તમારા પર ટેરિફ લગાવીશું. અમે તે યુદ્ધ માત્ર દોઢ દિવસમાં ઉકેલી નાખ્યું.

# યોગીના કયામત વાળા નિવેદન પર હુમાયુનો ખુલ્લો પડકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા,

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પહેલા રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. જેમાં હવે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની એન્ટ્રી થઈ છે. મુખ્યમંત્રી યોગીના બાબરી મસ્જિદના કયામત વાળા નિવેદન પર પૂર્વ તૃણમૂલ કોંગ્રેસ નેતા અને જનતા ઉન્નયન પાર્ટીના પ્રમુખ હુમાયુ કબીરે પલટવાર કર્યો છે. હુમાયુંએ કહ્યું કે, "તેઓ મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદની પ્રતિકૃતિ ચોક્કસ બનાવશે, અને તેમને કોઈ રોકી શકશે નહીં." તેમણે યોગીને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું, "હું મસ્જિદ બનાવીશ, શકી શકો તો રોકી લો." હુમાયુ કબીરે કહ્યું કે, "આ લખનઉ કે ઉત્તર પ્રદેશ નથી, અયોધ્યા પણ નથી. પરંતુ બંગાળ છે અને અહીં મમતા બેનર્જીનું શાસન છે. ભારતીય બંધારણ મુજબ, મુસ્લિમોને મસ્જિદ બનાવવાનો સંપૂર્ણ અધિકાર છે, જેમ અન્ય લોકોને મંદિરો કે ચર્ચ છે. તેમણે ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બાબરી મસ્જિદના ધ્વંસની વર્ષગાંઠના રોજ મસ્જિદનો શિલાન્યાસ કર્યો હતો અને તેનું નિર્માણ કાર્ય ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ શરૂ થશે."

તેમણે વધુમાં કહ્યું કે, "સવારે ૧૦ વાગ્યાની આસપાસ આશરે ૧૨૦૦ લોકો કુરાન વાંચતા કામની શરૂઆત કરશે." આ દરમિયાન હુમાયુએ યોગીને ચેતવણી આપતા કહ્યું કે, "જો રોકવા છે તો રોકીને બતાવો, અમે કોઈનાથી ડરતા નથી અને કોઈના દબાણમાં નહીં આવીએ. મસ્જિદ બનાવીને રહીશું."

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારે કહ્યું હતું કે, કયામતનો દિવસ ક્યારેય નહીં આવે અને તેથી બાબરીનું માળખું ક્યારેય ફરીથી નહીં બને. આદિત્યનાથે બારાબંકીમાં એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, "અમે કહ્યું હતું કે અમે રામલલા પાસે આવીશું અને ત્યાં મંદિર બનાવીશું. મંદિર બની ગયું છે. શું કોઈ શંકા છે?" જે લોકો કયામતના દિવસનું સ્વપ્ન જોઈ રહ્યા છે તેઓ એવી જ રીતે સડી જશે. તે સમય ક્યારેય નહીં આવે.

મુખ્યમંત્રી યોગીએ વધુમાં જણાવ્યું કે, ૫૦૦ વર્ષ પછી અયોધ્યામાં તે ગૌરવપૂર્ણ ક્ષણ આપણી સમક્ષ આવી છે. આ ૫૦૦ વર્ષો દરમિયાન ઘણા રાજાઓ અને સમ્રાટો આવ્યા અને ગયા, અને ઘણી સરકારો રચાઈ. ભારતને ૧૯૪૭માં આઝાદી મળી અને ૧૯૫૨માં પહેલી ચૂંટણી પછી સરકારો રચાઈ, પરંતુ ભગવાન રામના જન્મસ્થળ અયોધ્યામાં મંદિર બનાવવાનો વિચાર તેમને ક્યારેય કેમ ન આવ્યો?

વિપક્ષ પર નિશાન સાધતા યોગીએ કહ્યું કે, "કેટલાક લોકો તકવાદી વલણ અપનાવે છે. તેઓ રામને ફક્ત મુશ્કેલ સમય આવે ત્યારે જ યાદ કરે છે, પરંતુ બાકીના સમયે તેમને ભૂલી જાય છે. તેથી ભગવાન રામ પણ હવે તેમને ભૂલી ગયા છે. હવે તેમની હોડી ક્યારેય સમુદ્ર પાર કરશે નહીં, એટલે કે રામદ્રોહીઓ માટે કોઈ સ્થાન નથી."

# બોર્ડની પરીક્ષામાં નકલ કરાવતા વાલીઓ ડ્રોનમાં ઝડપાઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

બોર્ડ પરીક્ષા દરમિયાન નકલ માટે યુપી અને બિહાર લાંબા સમયથી બદનામ રાજ્ય છે. આ રાજ્યોમાંથી નકલ કરવાની તસવીરો હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. પણ આ વખતે બોર્ડ પરીક્ષા ૨૦૨૬ની સૌથી ચર્ચિત તસવીર અને વીડિયો યુપી-બિહાર નહીં પણ મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. જ્યાં બીડ જિલ્લાની આ તસવીર ૧૨મા ધોરણની પરીક્ષાના પ્રથમ દિવસની છે. અહીં ચૌસાલામાં એક મહાવિદ્યાલયમાં આયોજિત ૧૨મા ધોરણની પરીક્ષા દરમિયાન ખુલ્લેઆમ નકલ કરવાની ઘટના સામે આવી છે.

મહારાષ્ટ્ર શિક્ષણ વિભાગ તરફથી દેખરેખ રાખવા માટે ઉડાવવામાં આવેલા ડ્રોન કેમેરામાં નકલની ઘટનાઓ રેકોર્ડ થઈ છે. ડ્રોન ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે પરીક્ષા કેન્દ્રની બારી અને દીવાલો પર મોટી સંખ્યામાં લોકો ચઢેલા છે. તેમાંથી છાત્રોના વાલીઓ પણ સામેલ હતા. જે પરીક્ષા આપી રહ્યા છે, તે બાળકો સુધી જવાબની કાપલી પહોંચાડવામાં આવી રહી હતી. નકલનો વીડિયો અને ફોટો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

બિહાર બોર્ડની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરુ થવાની છે. અહીં ૨૫ ફેબ્રુઆરી સુધી પરીક્ષા ચાલશે. પરીક્ષામાં નકલ રોકવા માટે તમામ તૈયારીઓ થઈ ચૂકી છે. એક સમય હતો, જ્યારે મહારાષ્ટ્રની હાલની તસવીરો જેવા જ ફૂટેજ બિહારમાંથી આવ્યા હતા. બિહાર બોર્ડ પરીક્ષા દરમિયાન લેવાયેલી તસવીરો ૧૯ માર્ચ ૨૦૧૫ના વૈશાલી જિલ્લાની છે. જ્યાં પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને વાલીઓ અને સંબંધીઓ નકલ કરવા માટે બિલ્ડિંગ પર ચઢીને કાપલી પકડાવી રહ્યા હતા. બિહારમાં નકલની સૌથી ચર્ચિત ઘટના વર્ષ ૨૦૧૬માં સામે આવી હતી. જ્યાં બોર્ડ પરીક્ષામાં ધાંધલી કરીને ૧૨મા ધોરણની એક વિદ્યાર્થિની રૂબી રાયને ટોપર બનાવી દીધી હતી. આ છાત્રા પોલિટિકલ સાયન્સનો યોગ્ય રીતે ઉચ્ચારણ પણ નહોતી કરી શકી. ટૂંક સમયમાં તેની ધરપકડ કરી લીધી હતી.

આ તસવીર હરિયાણા બોર્ડ પરીક્ષા ૨૦૨૪ની છે. નૂંહ જિલ્લાના ટૌરુમાં ચંદ્રાવતી સ્કૂલમાં ૧૦મા બોર્ડની પરીક્ષા દરમિયાન લોકો સ્કૂલની દીવાલો પર ચઢીને ચિટ કરતા દેખાયા હતા. તેમાં પરીક્ષા આપી રહેલા સ્ટુડન્ટ્સના વાલીઓ પણ હતા. અહીં પરીક્ષા શરુ થવાના થોડી વાર પહેલા પેપર લીક થવાના સમાચાર પણ આવી ચૂક્યા છે.

# લોકસભામાં રાહુલ ગાંધીએ ટ્રેડ ડીલ પર ઉઠાવ્યા સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સંસદમાં લાંબા સમય સુધી વિરોધ ચાલ્યા બાદ રાહુલ ગાંધીએ આજે લોકસભામાં બજેટ ૨૦૨૬ પર ચર્ચામાં ભાગ લીધો હતો. રાહુલ ગાંધીએ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું કે અમેરિકા આપણા નિર્ણયો કેવી રીતે નક્કી કરી રહ્યું છે. હવે શું અમેરિકા નક્કી કરશે કે આપણે તેલ ક્યાંથી ખરીદીએ? તેમણે આપણા કૃષિ ક્ષેત્રને અમેરિકા માટે ખોલી દીધું. સરકારે ખેડૂતો વિશે વિચાર્યું નહીં. યુએસ ટેરિફ ૩% થી વધીને ૧૮% થઈ ગયો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતીયો પાસે સૌથી વધુ ડેટા છે. ડેટા સુરક્ષા સર્વોપરી છે. આપણા લોકોની પ્રતિભા અને વિચારસરણીને પકડવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમેરિકા અને ચીનની નજર આપણા ડેટા પર છે. જો બાંગ્લાદેશ કાપડ નિકાસ કરે છે, તો તેના પર શૂન્ય ટેરિફ છે. આપણો કાપડ ઉદ્યોગ ખતમ થઈ ગયો. અમેરિકન નિકાસ વધી, આપણને શું ફાયદો થયો? ટ્રમ્પે ટેરિફ વધાર્યો. હવે શું અમેરિકા નક્કી કરશે કે આપણે તેલ ક્યાંથી ખરીદીએ? રાહુલ ગાંધીએ કહ્યું, "કેન્દ્ર સરકારે વેપાર સોદામાં ગરીબ ખેડૂતોને કચડવાનો માર્ગ મોકળો કર્યો છે. આ પહેલાં ક્યારેય કોઈ વડા પ્રધાને આવું કર્યું નથી. ઇતિહાસમાં પહેલી વાર, આપણા ખેડૂતો સંકટનો સામનો કરી રહ્યા છે. યુએસ આયાત ૪૬ અરબ યુએસ ડોલરથી વધીને ૧૪૬ અરબ યુએસ ડોલર થશે. આપણો ટેરિફ ૩% થી વધીને ૧૮% થયો છે અને તેમનો ટેરિફ ૧૬% થી ઘટીને શૂન્ય થઈ ગયો છે."

રાહુલ ગાંધીએ કહ્યું કે આપણે સ્થિરતાની દુનિયાથી અસ્થિરતાની દુનિયા તરફ આગળ વધી રહ્યા છીએ.

## લોકસભામાં વિપક્ષના નેતાએ કર્યા હતા કેન્દ્ર પર પ્રહાર

# રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં સરકાર

### અમે રાહુલ ગાંધી વિરુદ્ધ ગૃહને ગેરમાર્ગે દોરવા બદલ વિશેષાધિકાર નોટિસ દાખલ કરવા જઈ રહ્યા છીએ : રિજિજુ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

લોકસભામાં બજેટ પરની ચર્ચાના બીજા દિવસે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કોમ્બેટ સ્પોર્ટ્સ ટેક્નિક્સના ઉદાહરણથી શરૂઆત કરતા કહ્યું કે, 'માર્શલ આર્ટ્સમાં એક ક્રમ હોય છે, ગ્રીપ (પકડ), ચોક (ગળું દબાવવું) અને ટેપ (હાર સ્વીકારવી). આ ગ્રીપ રાજકારણમાં પણ અસ્તિત્વ ધરાવે છે. જો કે, રાજકારણમાં આ ગ્રીપ, ચોક અને ટેપ હંમેશા છુપા રહે છે.' આ રીતે શરૂઆત કરીને રાહુલ ગાંધીએ ચેતવણી આપી કે 'ભારત હાલમાં એક ખતરનાક અને અનિશ્ચિત વિશ્વમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડેટા અને એનર્જીનો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે.' ત્યાર પછી તેમણે એપસ્ટિન ફાઈલ, ભારત-યુએસ ડીલ, ટેરિફ, ડેટા સુરક્ષા, ઓઈલ ખરીદી અને અદાણી સહિતના મુદ્દા ઉઠાવીને કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહાર કર્યા હતા. ત્યારબાદ હવે સરકાર રાહુલ ગાંધી વિરૂદ્ધ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવવા જઈ રહી છે.

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, અમે રાહુલ ગાંધી વિરુદ્ધ ગૃહને ગેરમાર્ગે દોરવા અને પાયાવિહોણા નિવેદનો આપવા બદલ વિશેષાધિકાર નોટિસ દાખલ કરવા જઈ રહ્યા છીએ. લોકસભા અને રાજ્યસભામાં કાર્યવાહી અને કાર્યવાહીના સ્પષ્ટ નિયમો છે. જ્યારે કોઈ સભ્ય બીજા સભ્ય વિરુદ્ધ ગંભીર આરોપ મૂકવા માંગે છે, ત્યારે તેણે નોટિસ આપીને આરોપને સમર્થન આપવું જોઈએ. મેં રાહુલ ગાંધીને ગૃહમાં હાજર રહેવા અને તેમણે ઉઠાવેલા મુદ્દાઓને સમર્થન આપવા વિનંતી કરી છે. રાહુલ ગાંધીએ સરકાર અને વડાપ્રધાન વિરુદ્ધ પાયાવિહોણા અને ખોટા આરોપો લગાવ્યા છે, દાવો કર્યો છે કે વડાપ્રધાને ભારત અને ભારતીય હિતોને વેચી દીધા છે. કયા આધારે? તેમણે નોટિસ વિના હરદીપ સિંહ પુરી વિરુદ્ધ ગંભીર આરોપો લગાવ્યા છે.

રાહુલ ગાંધીએ સંસદમાં મોદી સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, 'અમેરિકા ભારતના નિર્ણયો કેવી રીતે લઈ શકે? અમારું કૃષિ ક્ષેત્ર અમેરિકા માટે મોદી સરકારે ઓપન કરી દીધું. સરકારે ખેડૂતો વિશે જરાય ન વિચાર્યું. ભારતને વેચીને તેમને શરમ નથી આવતી. અમેરિકાનો ટેરિફ ત્રણ ટકા હતો જે હવે વધીને ૧૮ ટકાએ પહોંચી ગયો છે. પીએમ મોદી ડરી રહ્યા છે.' રાહુલ ગાંધીએ કહ્યું કે 'પીએમ મોદી બે કારણોસર ડરી રહ્યા છે જેમાં એક છે એપસ્ટિન. ગૌતમ અદાણી કોઈ સામાન્ય બિઝનેસમેન નથી. તેમની કંપની સામે અમેરિકામાં કેસ છે, પરંતુ તેમનો ટારગેટ પીએમ છે, અદાણી નહીં. આ કંપની ભાજપનું ફાઇનાન્શિયલ સ્ટ્રક્ચર છે. અનિલ અંબાણી જેલમાં કેમ નથી? તેનું પણ કારણ એપસ્ટિન ફાઈલ જ છે. હરદીપ સિંહ પુરીનું નામ પણ એમાં છે. તેઓ તો મોદી સરકારમાં મંત્રી છે. તેઓ આ ગૃહના સભ્ય છે.'

## સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશવ્યાપી નેટવર્કની તપાસ કરો

# દેશમાં તાજેતરમાં બાળકોના ગૂમ થવાની ઘટનાઓ વધી

### કેટલાક બાળકો અને ક્યાંથી ગૂમ થયા કે અપહરણ કરાયું તેના છેલ્લા છ વર્ષના ડેટા એકઠા કરવામાં આવે : સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

દેશમાં તાજેતરમાં બાળકોના ગૂમ થવાની ઘટનાઓ વધી રહી છે, ગૂમ થતા બાળકોની આ ઘટનાઓ પાછળ કોઇ દેશવ્યાપી નેટવર્ક છે કે કેમ તેની તપાસ કરવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે.

સુપ્રીમે કેન્દ્રને કહ્યું છે કે આ દેશવ્યાપી નેટવર્ક છે કે પછી માત્ર રાજ્યો પુરતા મામલા છે તેની ચકાસણી કરીને વિગતવાર રિપોર્ટ રજુ કરવામાં આવે.

કેટલાક બાળકો અને ક્યાંથી ગૂમ થયા કે અપહરણ કરાયું તેના છેલ્લા છ વર્ષના ડેટા એકઠા કરવામાં આવે. બાળકોના ગુમ થવાના વધી રહેલા કેસોને લઇને એક સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. જેની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ બી વી નાગરત્ના, ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાનની બેંચ દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી ડેટા માગવામાં આવ્યા હતા. જવાબમાં કેન્દ્ર તરફથી હાજર એડિશનલ સોલિસિટર જનરલે કહ્યું હતું કે કેટલાક રાજ્યો દ્વારા બાળકોના ગુમ થવાના ડેટા આપવામાં આવ્યા છે પરંતુ અનેક રાજ્યો એવા છે કે જેણે આવા કોઇ જ ડેટા નથી આપ્યા. કેન્દ્ર સરકારને તમામ ડેટા મળે પછી જ બાળકોના ગુમ થવા કે અપહરણના મામલાની પેટર્નની તપાસ થઇ શકે. સુપ્રીમની બેંચે સવાલ કર્યો હતો કે બાળકો ગુમ થઇ રહ્યા છે તે પાછળ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક છે કે રાજ્યો પુરતા સિમિત છે તે અમારે જાણવું છે. જે પણ રાજ્યોએ કેન્દ્ર સરકાર સમક્ષ બાળકોના ગુમ થવાના ડેટા પુરા નથી પાડયા તેની પણ સુપ્રીમે ઝાટકણી કાઢી હતી સાથે જ આકરા આદેશની ચેતવણી પણ આપી હતી. એનજીઓની જાહેર હિતની અરજીમાં એવો દાવો કરાયો છે કે અનેક રાજ્યોમાં બાળકો ગુમ થયા છે તેની બાદમાં કોઇ જ જાણકારી નથી મળી શકી, આ પહેલા નવ ડિસેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે ગુમ બાળકોના છ વર્ષના ડેટા એકઠા કરવા અને આ મુદ્દે રાજ્યો સાથે તાલમેલ બેસાડવા માટે ગૃહ મંત્રાલયમાં એક અધિકારીને નિમવા આદેશ કર્યો હતો. આ પહેલા સુપ્રીમ કોર્ટે ૧૮ નવેમ્બરના રોજ નોંધ્યું હતું કે એક ન્યૂઝ રિપોર્ટ મુજબ દેશમાં દર આઠ મિનિટે એક બાળક ગુમ થઇ રહ્યું છે. જેને સુપ્રીમ કોર્ટે અત્યંત ગંભીર મામલો ગણાવ્યો હતો.

## રાજસ્થાનમાં મોટી કરુણાંતિકા

# લગ્નમાંથી પાછા આવતા ૬ મિત્રોના અકસ્માતમાં મોત

### દૌસામાં NH2 પર કારચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ,

રાજસ્થાનના દૌસામાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં NH2 પર કારચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં લગ્નમાંથી પાછા આવતા ૬ મિત્રના મોત નીપજ્યા હતા.

જયપુર-આગરા નેશનલ હાઈવે પર કૈલાઈ ગામ પાસે મંગળવાર(૧૦ ફેબ્રુઆરી)ની રાત્રે લગભગ ૧૧ વાગ્યે પૂરઝડપે જતી કારના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા કાર ડિવાડર પાર કરીને સીધી ટ્રેઈલર સાથે અથડાઈ હતી. જેમાં ૬ લોકોના મોત થયા છે, જેઓ દૌસા જિલ્લાના કાલાઓ ગામના રહેવાસી હોવાનું જણાય છે. તમામ લોકો આભાનેરી ગામમાં એક લગ્ન સમારોહમાં ગયા હતા. આમ, લગ્નમાંથી પરત આવતી વખતે અકસ્માત સર્જાયો હતો. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે, કારે અચાનક કાબૂ ગુમાવ્યો અને સીધી ડિવાઈડર કુદીને બીજી લાઈનમાં જતી રહી હતી. અકસ્માતના બનાવની જાણ થતાં સિકંદરા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં સ્થાનિક લોકોની મદદથી રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. જેમાં કારમાં ફસાયેલા યુવકોને બહાર કાઢવા માટે ક્રેન બોલાવવી પડી હતી. ટ્રેઈલરમાં ફસાયેલી કારને ભારે મહેનત બાદ કાઢવામાં આવી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સિકંદરા હોસ્પિટલમાં ચાર યુવકોને મૃત જાહેર કરવામાં આવ્યા. જ્યારે અન્ય બે યુવકને પ્રાથમિક સારવાર બાદ દૌસા રિફર કરાયા હતા. જેમાંથી એક યુવકનું દૌસામાં મોત થયું હતું, જ્યારે બીજાને ગંભીર હાલતમાં જયપુરની SMS હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેનું પણ સારવાર દરમિયાન મોત થયું હતું. આમ, અકસ્માતમાં કુલ ૬ યુવકના મોત નીપજ્યા છે.

મૃતકોની ઓળખ સમયસિંહ રામસિંહ યોગી(ઉં.વ.૨૫), લોકેશ ગોવર્ધન યોગી(ઉં.વ.૨૪), દિલખુશ બનવારી યોગી(ઉં.વ.૨૪), મનીષ હરિમોહન યોગી(ઉં.વ.૨૩), અંકિત લાલારામ બૈરવા(ઉં.વ.૨૬) અને નવીન(૨૩) તરીકે થઈ છે.

એક સાથે ૬ યુવકનો મોતના સમાચારથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. મોડી રાત્રે મોટી સંખ્યામાં ગ્રામજનો હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચ્યા હતા. બુધવારે(૧૧ ફેબ્રુઆરી) સવારે પોસ્ટમોર્ટમ પૂર્ણ થતાં મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા.

